જ્ઞાતિસેવાના પૂજારી, બરછીના સ્થાપક તંત્રી
મુ. શાંતિભાઈની ૨૩મી પૂણ્યતિથિએ
ભાવભરી વંદના...




દર માસની ૨૧ તારીખે પ્રસિધ્ધ થતું સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર


# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


સ્થાપક : સ્વ. શાંતિભાઈ ઘોળકિયા
તંત્રી : વિરેન શાં. ઘોળકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૯૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૭ અંક : ૧
ઓગષ્ટ – ૨૦૧૦






કવિશ્રી નરસિંહ મહેતા



નર્મદ



ગોવર્ધનરામ ત્રિપાઠી



રામનારાયણ પાઠક



રામપ્રસાદ બક્ષી

## પ્રભુ...ચાલશે ?

પિત્તળના ઘંટ હવે મોંઘા પડે છે પ્રભુ,
તમને 'મોબાઈલ'થી જગાડું તો ચાલશે ?
પંચામૃત દ્રવ્ય હવે પોષાતાં નથી પ્રભુ,
પાઉચથી નવરાવું તો ચાલશે ?
અતલસના વાઘા તો સ્વપ્ન બની ગયા પ્રભુ,
તમને જીન્સ પહેરાવું તો ચાલશે ?
અગર, ચંદન, કપૂર તો હવે દુર્લભ છે પ્રભુ,
સુગંધી પાન મસાલા ચડાવું તો ચાલશે ?
આરતીનું ઘી હવે ચોખ્ખું ક્યાં મળે છે ?
બલ્બથી ઉતારું તો ચાલશે
પ્રસાદ બનાવવાનો સમય હવે નથી પ્રભુ,
'પીઝા' ધરાવું તો ચાલશે ?
પ્રભુ કહે, 'વત્સ' હું તો સ્વીકારી લઈશ બધું,
પણ 'જગત' તને મારા વિના ચાલશે ?

– જગતકિશોર ઢેબર, રાજકોટ


બરછી કાર્યાલય : સંજોગ, હરીહર સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૧. ✆ : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫
www.barchhi.com e mail ID : contact@barchhi.com OR barchhi@rediffmail.com

॥ મા વારાહી કૃપા ॥



----- પાંચમા વર્ષમાં મંગલ પ્રવેશ -----



# ઓસમ મેડીસીન્સ

**(પ્રો. મોહિત રસિકભાઈ બુચ)**

શોપ નં. ૧ અને ૨, શ્રીજી કોમ્પલેક્ષ,
તીરૂપતી પેટ્રોલ પંપ સામે, ડો. રાડીયા હોસ્પિટલની બાજુમાં,
કાલાવડ રોડ, રાજકોટ.

**ફોન : ૨૪૭૧૧૯૭ / ૩૨૦૪૦૨૬**

સર્વે જ્ઞાતિજનોના અપ્રતિમ સહકાર બદલ અમો આભારી રહીશું.... અમોને આપની રૂટીન લેવાતી દવાઓ, કોસ્મેટીક પ્રોડકટસ, તેમજ આયુર્વેદીક દવાઓમાં મળેલ અવિરત સહકાર હંમેશા ઉત્સાહ પ્રેરે છે...

આપની ઈમરજન્સી દવા-હોસ્પિટલ લાયક કામકાજ માટે
સંપર્ક નંબરો નોંધી લેશો...

**અલ્પેશભાઈ-૯૮૭૯૧ ૮૧૯૧૦**

**શુભેચ્છક :**

ડો. નિતિન રાડીયા (એમ.એસ. ઓર્થો.)
**રાડીયા હોસ્પિટલ – ૨૪ કલાક ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ**
**ફોન : ૨૪૭૧૫૫૫**
**શ્રી બિરેન આર. બુચ-જનરલ મેનેજર**
ગાંધી રીયલ્ટી (ઇ) પ્રા. લી.(ક્રિસ્ટલ મોલ, રાજકોટ-જામનગર)
**શ્રી વિપુલભાઈ આશરા** – ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
**ઓસમ મેડીકલ સ્ટોર** – શાપર (વેરાવળ)

**WE BUY & SELL OF LISTED & DELISTED COMPANIES OLD PHYSICAL SHARES...**

**& FOR COMPUTERAISED HOROSCOPE**

**CONTACT : HEMANT D. CHHAYA**

## MEHTA TRAVELS & INVESTMENT

18, Ground Floor, City Arced, Nr. DSP
Bunglow, JAMNAGAR-361 001.

**Ph. 0288-2713767,2559495**

**Fax : 0288-2559495**

**M. 096245 70873,099252 36585**

**e-mail : hdchhaya@gmail.com &**
**yjmehta@yahoo.co.in**

લીસ્ટેડ/ડીલીસ્ટેડ કંપનીના જૂના શેર સર્ટીફીકેટનાં ખરીદ વેચાણ માટે તેમજ કોમ્પ્યુટરાઈઝડ જન્મકુંડળી બનાવવા અમારો ઉપરોકત સંપર્ક કરશો.



## જોઈએ છે : કન્યા

જૂલાઈ ૧૯૮૨માં જન્મેલ વડનગરા નાગર, નિર્દોષ માંગલિક, ઉંચાઇ – ૫'.૫" વજન ૬૨ કિ. ગ્રામ અભ્યાસ C.S., LL.M., (ઓસ્ટ્રેલીયા) LL.B., B.Com. મુંબઈ સ્થિત પ્રતિષ્ઠિત કોર્પોરેટ લો ફર્મમાં ઉચ્ચતમ પગાર સાથે નોકરી કરતા યુવક માટે યોગ્ય સમકક્ષ કન્યાનાં વાલીઓએ સંપર્ક સાધવા વિનંતી...

સંપર્ક : **જ્વલંત દેસાઈ**

**ઘર : ૦૨૬૫-૨૩૯૫૯૭૦**

**મો. ૯૪૨૬૫૭૪૮૪૫**

e-mail :
jwalantdesai 31@gmail.com

**: મંગલ મેરેજ બ્યુરો :** 'બ્રીજ' બ્લોક નં. ૫, રગુરૂદેવ પાર્ક, અમરનાથ મંદિર પાછળ, બીગ બજાર નજીક, ૧૫૦'રીંગ રોડ, રાજકોટ –૫. ફોન : ૦૨૮૧–૨૫૭૦૬૮૧ મો. ૯૪૨૮૭ ૦૧૧૩૬
email - mamtadhebar@yahoo.in (ફોન કરવાનો સમય : ૧૧ થી ૧૨:૩૦, સાંજે ૫ થી ૭)

**યુવકોની યાદી :**

/// એમ.કોમ., એમબીએ., સપ્ટે. – ૮૩ રાજકોટ ચોખ્ખા ગ્રહ (નાગર બ્રાહ્મણ)

/// ડીએમઈ, એમબીએ., જાન્યુઆરી–૮૫ પૂના–મંગળ

/// બી.ઈ. (મીકે.)એમબીએ. સપ્ટે. ૧૯૮૩ જામનગર. બી.એસ.સી., એપ્રિલ ૭૫ (વિધુર) અઢી વર્ષનો એક બાબો રાજકોટ

/// હોમીયોપેથ ડોકટર સપ્ટેમ્બર–૮૩ અમદાવાદ ચોખ્ખા ગ્રહ

**યુવતીની યાદી :** // એમ.એ.,(ઈંગ્લીશ) જૂલાઈ–૮૮ રાજકોટ ચોખ્ખા ગ્રહ

// એમ.એ.(હો.સા.) માર્ચ–૮૭ અમદાવાદ ચોખ્ખા ગ્રહ // એમ.એસસી., મે–૮૬ સૌરાષ્ટ્ર ચોખ્ખા ગ્રહ

// બી.ટેક. ઓકટો. ૮૫ હૈદ્રાબાદ મંગળ // બી.ઈ. (મીકે.) માર્ચ–૮૫ ગુજરાત મંગળ

// એમ.ફાર્મ, કલીનીક રીસર્ચ માર્ચ–૮૫ મુંબઈ–મંગળ // એમ.કોમ, માર્ચ–૮૫ ગવ. જોબ–ભુજ(કચ્છ)

// એમ.એસસી., બી. એડ., ફેબ્રુઆરી –૮૪ ગવ. જોબ રાજકોટ મંગળ

// એમ.એસ.સી. (ઓર્ગેનીક) એપ્રિલ–૮૫ –૫'.૬" ઉંચાઈ–મુંબઈ મંગળ // બી.એસસી., એમસીએ., જાન્યુઆરી–૮૩ –૫'.૬" લેકચરર મંગળ // એમ.એસ.સી.,બાયોટેક સપ્ટેમ્બર–૮૨ મુંબઈ ચોખ્ખા ગ્રહ

## બેસ્ટ પ્રેસીડેન્ટ એવોર્ડથી સન્માનિત થતાં ડો. હર્ષાબેન વછરાજાની

રાજકોટની સેવાકીય સંસ્થા લાયનેસ કલબ મેઈનના ૨૦૦૯-૧૦ના પ્રમુખ તરીકે આરૂઢ થયેલ ડો. હર્ષાબેન વછરાજાનીએ વર્ષ દરમ્યાન અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ જેવી કે થેલેસીમીયા ચેકઅપ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, ડાયગ્નોસ્ટીક કેમ્પ,યુવા વર્ગ માટે ઓપન રાજકોટ રંગોળી સ્પર્ધા,વકૃત્વ સ્પર્ધા, માનસિક તેમજ શારિરીક ખોડખાપણવાળા તેમજ અંધજનો માટે તેમની ટીમ સાથે સફળતાપૂર્વક કરી હતી. કુલ ૧૫૪ પ્રોજેકટ અંદાજીત ૫ લાખ રૂપિયાના કાર્યો કરવા બદલ તેની પ્રશસ્તિરૂપે તેઓને મલ્ટીપલ તરફથી બેસ્ટ પ્રેસિડેન્ટના એવોર્ડથી સન્માનવામાં આવ્યાં હતાં તેમજ ડીસ્ટ્રીકટ તરફથી બેસ્ટ લાયનેસ ૨૦૦૯-૧૦નો એવોર્ડ ઉપરાંત ચક્ષુદાનમાં પણ વિશિષ્ટ કામગીરી બદલ એવોર્ડ તથા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ.નવા વર્ષમાં તેઓ લાયન્સ ડીસ્ટ્રીકટમાં એડવાઝરી મેમ્બર તરીકે નિમવામાં આવ્યાં.

એક સમયે જ્ઞાતિની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહી જ્ઞાતિસેવામાં મૂલ્યવાન યોગદાન આપનાર સ્વ. રજનીકાન્તભાઈ વછરાજાનીના પુત્રી ડો. હર્ષાબેનને સેવાનો આ વારસો જાળવવા બદલ અભિનંદન પાઠવીએ.

## કુ. નિશીતા મહેતા અભ્યાસાર્થે ઈટાલી જઈ આવ્યાં



વડોદરા સ્થિત કુ. નિશીતા ધૈવત-દામિની મહેતા ગત સપ્ટેમ્બર-૦૯ના સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ અંતર્ગત અમેરીકન ફીલ્ડ સર્વિસ દ્વારા સંપૂર્ણ સ્કોલરશીપ મેળવી એક વર્ષ માટે ઈટાલીના સારદેનિયા આઈલેન્ડ ખાતે અભ્યાસ અર્થે જઈ આવ્યાં. કુ. નિશીતા ઈટાલીયન ભાષામાં ચોથું વર્ષ-અહીંના ધોરણ-૧૨ સમકક્ષમાં ૮૦% અને ઈટાલીયન યુનિ. કક્ષાની પરીક્ષામાં ૯૨% સાથે ઉત્તીર્ણ થઈ પરત આવતાં વડોદરા ખાતે એમ.એસ. યુનિવર્સિટીમાં એફ.વાય.બી.એ.માં સીધો પ્રવેશ મેળવ્યો. ઉપરાંત AFS કાઉન્સીલ દિલ્હી દ્વારા તેણીની કાઉન્સીલર તરીકે પણ નિયુકતી કરવામાં આવી.

કુ. નિશીતા સ્વ. સુહાસિનીબેન નૃપેન્દ્ર મહેતાનાં પૌત્રી અને જયશ્રીબેન નટવરલાલ બુચનાં દોહિત્રી થાય.



## કૃતાર્થ અંજારીયા બી.ઇ. થયા

વડોદરા સ્થિત હિમાંશુભાઈ મહેન્દ્રરાય અંજારીયા તથા શ્રીમતી ઉષાબેન અંજારીયાના પુત્ર તાજેતરમાં લેવાયેલ બી.ઇ.(ઇન્ડ.)ની પરીક્ષામાં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ બી.ઇ.ની પદવી મેળવી.

## કુ. સ્તુતિ દેસાઈ એમ.બી.એ. થયાં

અમદાવાદ સ્થિત શ્રી શમીકભાઈ અને શ્રીમતી હિમાદ્રી દેસાઈનાં પુત્રી કુ. સ્તુતિ-ભાવનગરના સ્વ. પ્રા. સનતકુમાર ગુણવંતરાય દેસાઈનાં પૌત્રી અને સ્વ. રવિન્દ્રરાય વૈકુંઠરાય મહેતાનાં દોહિત્રી-ગવ. લો સોસાયટી સંચાલિત એન. આર. ઇન્સ્ટી. ઓફ બીઝનેસ મેનેજમેન્ટ દ્વારા લેવાયેલ એમ.બી.એ. (ફાયનાન્સ)ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં. અભિનંદન.



## મનન જોષીપુરા એમ.ફાર્મ થયા

જૂનાગઢના શ્રી કલ્પેશ ધ્રુવકુમાર જોષીપુરા તથા શ્રીમતી જીગીષા જોષીપુરાના પુત્ર મનન જોષીપુરાએ બેંગલોર સ્થિત રાજીવ ગાંધી યુનિવર્સિટી માંથી ૮૦% સાથે ઉત્તીર્ણ થઈ એમ.ફાર્મ.(ફાર્મેકોલોજી)ની પદવી મેળવી અને અમદાવાદ ખાતે લેમડા ફાર્મામાં જોડાયા.

## અ. ભા. નાગર પરિષદ રાજકોટ દ્વારા શારદીય મહોત્સવ-૨૦૬૬

રાજકોટ ખાતે અ. ભા. નાગર પરિષદ તથા શ્રી અનંતજી વડનગરા નાગર બોર્ડીંગ ટ્રસ્ટના ઉપક્રમે તથા અન્ય મંડળોના સહયોગથી તા. ૨૨, ૨૪,૩૧,૧/૧૧ તથા ૧૪/૧૧ એટલે કે પાંચ દિવસના શારદીય મહોત્સવ અંતર્ગત રાસોત્સવ, રંગોળી, વાનગી, કેશગૂંફન, મહેંદી, વેશભૂષા, રમતગમત, સુગમસંગીત, બહેનોના ગ્રુપ રાસ ગરબા, હરિફાઇ, આઇક્યુ,મેમરી ટેસ્ટ, જનરલ નોલેજ સ્પર્ધા, મીમીક્રી,મોનોએક્ટીંગ સોલોડાન્સ વગેરેના રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રસ ધરાવતા જ્ઞાતિજનોએ મો. નં. ૯૯૭૯૪૬૭૫૬૦, ૯૪૨૭૨ ૬૮૩૪૯, ૯૪૨૭૨ ૦૦૦૫૯ ઉપર સંપર્ક સાધી તા. ૨૦/૧૦/૧૦ સુધીમાં નામ નોંધાવી દેવાં. કાર્યાલય : ૧/૧૮ સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ, રૈયા રોડ રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧૨ બપોરે ૫:૩૦ થી ૭:૩૦ દરમ્યાન રૂબરૂ સંપર્ક સાધી શકાશે.

અન્ય શહેરોની જેમ થઇ રહેલ વિવિધરંગી આયોજનના પ્રયોગને વધાવીએ...

## શ્રી હર્ષવર્ધન ત્રિવેદીની ઉપકુલપતિ પદે નિયુકતી



શિક્ષાવિભાગ સાથે વર્ષોથી સંકળાયેલા બાસવાડા(રાજસ્થાન)ના ડો. હર્ષવર્ધન ત્રિવેદીને દ્રઢ ઈચ્છા શકિત અને કઠોર પરિશ્રમના ફલસ્વરૂપ રાજસ્થાન સરકાર શિક્ષણ વિભાગ દ્વારા મોહનલાલ સુખડીયા વિશ્વવિદ્યાલય ઉદેપુરના ઉપકુલપતિ પદે નિયુક્ત કરવામાં આવ્યા. બાંસવાડામાં ૧૯૫૪માં જન્મેલા ડો. ત્રિવેદીએ તેઓની કારકિર્દી દરમ્યાન ૧૦ ગ્રંથોનું લેખન અને ૧૨ પુસ્તકોનું સંપાદન પણ કરેલ છે. ૧૯૭૭માં હિન્દી ગ્રંથ અકાદમી દ્વારા તેમજ આંતરરાષ્ટ્રીય વ્યાપાર તથા વિત્તગ્રંથ લેખન બદલ બાંસવાડા નગરપરિષદ તથા વડનગરા નાગર સમાજ દ્વારા પણ સન્માનિત કરવામાં આવેલ.

સુસંસ્કૃત કેળવણીકાર જ્ઞાતિજનની ઉપકુલપતિ પદે નિયુકતી બદલ જ્ઞાતિ ગૌરવ સાથે અભિનંદન પાઠવે છે.

## સૌના લાભાર્થે ગોઘા ભાવનગર ખાતે યાત્રીભવન ખુલ્લું મુકાયું...

ગોઘા ખાતે શ્રી હાટકેશ્વર મહાદેવના મંદિરના પટાંગણમાં શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે રવિવાર તા. ૨૦/૮/૧૦ના રોજ નવચંડી યજ્ઞ તથા પાઠાત્મક લઘુરૂદ્ર દ્વારા નવનિર્મિત અતિથિભવન જ્ઞાતિજનો માટે ખુલ્લું મુકવામાં આવ્યું. શ્રી મહિપતભાઈ જોશીના આચાર્ય પદે યોજાયેલ યજ્ઞમાં શ્રી ધર્માંશુભાઈ મહેતા, હર્ષલભાઈ દેસાઈ,તારકભાઈ મહેતા, કિરાતભાઈ વોરા, નિસર્ગભાઈ ઓઝા તથા શૌનકભાઈ દેસાઈ યજમાન પદે બેઠા હતા.અંતમાં પ્રસાદરૂપે ફરાળને ન્યાય આપી સૌ છૂટાં પડેલ. અતિથિભવનના નિર્માણ માટે સંસ્થાના ટ્રસ્ટીઓ, પ્રમુખ તથા કારોબારીના સભ્યોની જહેમતથી સ્થાનિક તથા બહારગામના જ્ઞાતિજનો તરફથી અનુદાનનો પ્રવાહ વહેતો રહેલ.

રવિવાર તા. ૫/૯/૧૦ના રોજ મહોત્સવના ભાગરૂપે સંસ્થા પ્રમુખશ્રી ધર્માંશુભાઈ મહેતા તથા ઉમેશભાઈ મહેતાના યજમાન પદે શ્રી મહિપતભાઈ જોશીના આચાર્ય પદે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને સ્થળે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી આયોજન સફળ બનાવેલ.

અતિથિભવનમાં બે રૂમ, રસોડું, ગાદલાં ગોદડા સહીતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. જનો ઉપયોગ કરવા ઈચ્છુકોએ શ્રી દધિચી મહેતા-મો. ૯૪૨૭૪૯૬૦૨૮ અથવા શ્રી ધર્મેન્દ્ર ડી. મહેતા-મો. ૯૪૨૬૧૬૧૭૭૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## બરછીનો ઓકટોબર-નવેમ્બરનો સંયુકત અંક પ્રસિધ્ધ થશે...

'બરછી'નો ઓકટોબર-નવેમ્બર માસનો સંયુકત અંક દીપોત્સવી અંક તરીકે તા. ૧-૧૧-૧૦ના રોજ પ્રસિધ્ધ થશે. એટલે કે ઓકટોબર માસનો અંક તા. ૨૧/૧૦ને બદલે ૧/૧૧ના રોજ પ્રસિધ્ધ થશે અને નવેમ્બરનો અંક પ્રસિધ્ધ થશે નહીં જેની નોંધ લેશો. આ દીપોત્સવી અંકમાં અગત્યના સમાચારોને સ્થાન આપી દર વર્ષ મુજબ નવોદિતો લિખીત લઘુવાર્તા,કાવ્યો,મુકતકો,SMS, યુવાનો માટે ઉપયોગી સામગ્રીને સ્થાન આપવામાં આવશે. જ્ઞાતિના વ્યવસાય સાહસિકોના અભિપ્રાય મુજબ અને જા. ખ. 'રીપીટ' છપાતી રહે છે તે મુજબ બરછી વ્યાવસાયિકો માટે લાભપ્રદ માધ્યમ બની રહયું છે ત્યારે આપ પણ જાહેરાત આપી આપના વ્યવસાયનો વિકાસ કરી શકો છો. માહિતી માટે ફોન/મો. કરી શકો છો.

**બીજી ખાસ નોંધ : તા. ૫/૧૧ થી ૧૨/૧૧ સુધી અમે સપરિવાર યાત્રા-પ્રવાસે જવાના હોઈ દાદ ફરીયાદ માટે આ દરમ્યાન રૂબરૂ કે ફોન,ઇ-મેઇલથી સંપર્ક થઈ શકશે નહી. લ. વિ. જાહેરાતોની માહિતી માટે પણ તા. ૧૩/૧૧ બાદ ફોન કરવા અને આ તારીખો દરમ્યાન કુરીઅર/ટપાલો ન મોકલવા વિનંતી છે જેથી ગેરવલ્લે ન જાય.-તંત્રી.**



## હર્ષિત રાણા બી. ઇ. થયા...

વડોદરા સ્થિત શ્રી હિમાંશુ પુષ્પકાંત રાણા તથા શ્રીમતી રૂપા હિમાંશુ રાણાના પુત્ર હર્ષિત રાણા એ પ્રથમ વર્ગ-ડીસ્ટીંગશન સાથે ઉત્તીર્ણ થઈ બી.ઇ.(સિવિલ)ની પદવી પ્રાપ્ત કરી અને વિશેષ અભ્યાસ ચાલુ રાખી અમદાવાદ ખાતે CEPT યુનિવર્સિટીમાં એમ.ટેક.ના અભ્યાસમાં પ્રવેશ મેળવ્યો.

## ઉત્કર્ષ માંકડ બી. ઇ. થયા...



અમદાવાદ સ્થિત શ્રી પદ્મનાભ મંજુભાઈ માંકડ તથા શ્રીમતી મીના માંકડના પુત્ર ઉત્કર્ષ માંકડે પ્રથમ વર્ગ-ડીસ્ટીંગશન સાથે ઉત્તીર્ણ થઈ બી.ઇ.(ઇલેકટ્રોનીકસ)ની પદવી પ્રાપ્ત કરી. પૂના ખાતે સી-ડેક નો વાયરલેસ મોબાઇલ કોમ્પ્યુટીંગમાં પીજી ડીપ્લોમા અભ્યાસ પૂર્ણ કરી સી-ડેક કંપની દ્વારા પસંદગી પામી બેંગલોર ખાતે પ્રોજેકટ એન્જીનીયર તરીકે જોડાયા.

## ભુજના વડીલ પ્રતિનિધિની દાખલા રૂપ જાગૃતિથી ઘણાને 'બરછી'-ટપાલો મળી...

દાયકાઓથી ભુજ ખાતે બરછીને સેવા આપતા વડીલ પ્રતિનિધિ શ્રી હરિભાઈ અંતાણીએ ભુજમાં ઘણા ગ્રાહકોને બરછી ન મળવાની ફરીયાદ સાંભળી પોસ્ટઓફિસમાં પત્ર લખી તપાસ કરવા પત્ર લખ્યો તેના ફલસ્વરૂપે તપાસમાં માલુમ પડયું કે સંસ્કારનગર વિસ્તારની અસંખ્ય ટપાલો (જેમાં ફોન બીલો,પોલીસીઓ,શેરના પત્રો-ચેક પણ સમાવિષ્ટ હતાં)નો બંચ પોસ્ટમેન રજા ઉપર હોવાથી (કે રાખી મુકતાં) 'અનડીલીવર' મળી આવ્યો. જે ટપાલ ખાતાએ કબુલ કરીને દિલગીરી સાથે રવિવારે ખાસ ડીલીવરી કરવાની વ્યવસ્થા કરી. હરિભાઈની સંન્નિષ્ઠતા અને જાગૃતિ બદલ અને સાથે સાથે ટપાલ ખાતાને ધન્યવાદ પાઠવીએ છીએ.

દરેક શહેરમાં ટપાલો-બરછી-અનિયમિત મળવાની ફરીયાદ તો કાયમની થઈ ગયેલ છે. (આ વખતે અમદાવાદમાં સેટેલાઇટ-આંબાવાડી (પીનકોડ-૧૫) વિસ્તાર, રાજકોટના રૈયા રોડ આસપાસની અસંખ્ય ફરીયાદ મળી છે/મળી રહી છે...)અમને ગ્રાહકો અવિશ્વાસથી કહે કે બીજી ટપાલો તો મળે જ છે તો બરછી જ કેમ ન મળે ? ત્યારે કહેવાનું કે ઓગષ્ટ - સપ્ટેમ્બર માસમાં અંક ન મળે તો SMSથી,કાર્યાલય કે પ્રતિનિધિને ફોનથી જાણી લેશો કે લવાજમ જમા થઈ ગયું છેને? એકવાર કોમ્પ્યુટર ગ્રાહકનંબર સાથે YES-UPTO 2011-OK બતાવે તો પોસ્ટલ ડીપાર્ટમેન્ટ પર પણ અવિશ્વાસ રાખી આવી જાગૃતિ બતાવી ફરીયાદ કરશો. જાગો ગ્રાહક જાગો...-તંત્રી.

## વિવેક જીકાર યુ.એસ.એ.માં પીએચ.ડી થયા



મૂળ જૂનાગઢના વડોદરા સ્થિત શ્રી કુલીનચંદ્ર જયાશંકર જીકાર તથા શ્રીમતી કલ્પના કુલીનચંદ્ર જીકારના પુત્ર વિવેક જીકારે અમેરીકા સ્થિત યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક. મિસોરી-રોલા-ખાતે ડો. કેનેથ રાગ્સડેલના માર્ગદર્શન હેઠળ Application of Quality Engineering to Investment portfolio - Selection and Opimization વિષયક શોધ નિબંધ રજૂ કરી પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. તા. ૧૪ મે-૨૦૧૦ના પદવીદાન સમારંભ બાદ ડો. વિવેક તથા સૌ. કિંજન (બરછી પ્રતિનિધી શ્રી ઋષિકેશ દેસાઈ અને શ્રીમતી હિના દેસાઈનાં પુત્રી) વડોદરા પરત આવ્યા છે. હાલમાં તેઓ ભારત સ્થાયી થવા યોગ્ય તક માટે પ્રયત્નશીલ છે.

અભિનંદન...આપણા આ પ્રતિભાસંપન્ન યુવાનને દેશમાં સ્થાયી થવાના નિર્ણય બદલ પણ ધન્યવાદ પાઠવી, દેશમાં યોગ્ય તક સાંપડે તેવી અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના.

## શ્રીમતી ગિરા માંકડ પીએચ.ડી થયાં



માતુશ્રી વિરબાઈમા મહિલા કોલેજમાં માઈક્રોબાયોલોજી વિષયનાં પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવતાં શ્રીમતી ગિરા પ્રશાંતભાઈ માંકડ(શ્રી અરવિંદભાઈ પી. માંકડનાં પુત્રી અને શ્રી હરસુખભાઈ માંકડનાં પુત્રવધૂ)ને બાયોસાયન્સ ભવનના અધ્યક્ષ પ્રા. ડો. એસ.પી. સીંઘના માર્ગદર્શન હેઠળ 'માઈક્રોબીઅલ ઈન્ફેક્શન ડયુ ટુ મલ્ટીપલ બ્લડ ટ્રાન્સફયુઝન' વિષય પરના રજૂ કરેલ શોધનિબંધને માન્ય કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પી.એચડી.ની પદવી એનાયત કરવામાં આવી. અભિનંદન.

## શ્રી કચ્છ સૌ. વ. ના. મંડળ, અમદાવાદ

મંડળના કાર્યાલય 'હાટકેશ કૃપા' ખાતે વાર્ષિક સામાન્ય સભા તા. ૧ ઓગષ્ટના રોજ મળી ગઈ. પ્રમુખશ્રી નીલકંઠભાઈ ધોળકિયાએ સૌનું સ્વાગત કરેલ. વર્ષ દરમ્યાનની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ મંત્રીશ્રી જયંતભાઈ વસાવડાએ રજૂ કરેલ. જુદા જુદા ફંડમાં રૂા. ૮.૫ લાખ અનુદાન સ્વરૂપે મળ્યા જેની નોંધ લેવામાં આવ્યા બાદ કોષાધ્યક્ષ શ્રી કુલીનભાઈ વસાવડાએ સંસ્થાના હિસાબો રજૂ કર્યા. રૂપિયા સાડા ચોસઠ લાખનો વહીવટ કરતા આ મંડળમાં વહીવટી ખર્ચ ઘણો ઓછો છે. પગાર, ઓડીટ ફી, કન્સલ્ટેશન ચાર્જ નથી અપાતો અને તેનું શ્રેય કારોબારીના સભ્યો ઉપરાંત ઓડીટરશ્રી અજયભાઈ છાયાને જાય છે. મંડળનું આ વર્ષ સૂવર્ણજયંતિ વર્ષ હોવાથી ગોલ્ડન જ્યુબીલી લોન સ્કોલરશીપ ફંડ રચવાના અનુસંધાને રૂા. ૧૫ લાખ એકત્ર કરવાનું નકકી કરવામાં આવ્યું. જેમાંથી ૫ લાખ રૂપિયા આવી ગયા છે. જેની માહિતી વિભાકરભાઈએ આપી હતી. અંતમાં શ્રી અમીતભાઈ દેસાઈએ આભારવિધિ કરેલ.

સંસ્થાનો ફલેટ 'હાટકેશ કૃપા' જ્ઞાતિજનોને પ્રસંગોપાત આપવામાં આવે છે. આખા ફલેટનું ૬ માસ પહેલાં બુકીંગ કરી શકાય છે.. મંડળના સભ્યોને પ્રથમ અગ્રતા આપવામાં આવે છે.બહારગામથી આવતા બંધુઓ એક રૂમ માટે એક માસ પહેલાં બુકીંગ કરાવી શકે છે.ખાલી હોય તો સવારથી રાત સુધી પણ મળી શકે છે. વિશેષ માહિતી માટે શ્રી મહેશભાઈ વસાવડાનો ફોન ૦૭૯-૨૬૭૫૪૫૦૧-મો. ૯૯૦૪૯૪૯૪૯૫ ઉપર સંપર્ક કરશો.

# શ્રદ્ધાંજલિ



શ્રી મકરંદભાઈ ઈન્દુલાલ મહેતા-ઉ. વ. ૮૬ માજી પ્રબંધક ધી શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લી. મુંબઈ. જે ભાવનગર નિવાસી અને વ્યવસાય અર્થે રંગુન સ્થાયી થયેલ સ્વ. ઈન્દુભાઈ ચુનીલાલ મહેતા, સ્વ. શાનુબેન/સ્વ. બિન્દુબેનના જયેષ્ઠ પુત્ર અને સ્વ. દિલસુખભાઈ તથા સ્વ. રમાબેન છાયા અને સ્વ. ઈન્દ્રદાસ તથા સ્વ. વિદ્યાવતીના જમાઈ શુક્રવાર તા. ૨૨/૮/૧૦ના રોજ બોરીવલી(પશ્ચિમ) મુંબઈ ખાતે દેવલોક પામ્યા છે...પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

**અમે એમનાં...**

| | |
|---|---|
| **સ્વ. રશ્મિબેન મકરંદભાઈ મહેતા (પત્ની)** | **શ્રીમતી યશ મકરંદભાઈ મહેતા (પત્ની)** |
| **શશીકાંત સાવલા (જમાઇ) યુ.એસ.એ.** | **પલ્લવી સાવલા (પુત્રી) યુ.એસ.એ.** |
| **કૃપા મહેતા (પુત્રવધૂ)** | **દુર્ગેશ મહેતા (પુત્ર)** |
| **રણજીત પ્રધાન (જમાઈ)** | **પારૂલ પ્રધાન (પુત્રી)** |
| **અવિનાશ વસાવડા (જમાઈ)** | **રીટા વસાવડા (પુત્રી)** |

**દૈવિત (પૌત્ર) - અર્પિતા મહેતા (પૌત્રવધૂ), કૃતિ, ક્ષીતી (પૌત્રી)**

**મિનાલી, મિરાજ, રીષભ, મોસમી, રચિતા, નિકીતા(દોહિત્ર/દોહિત્રી)**

**અને સમગ્ર ચુનીલાલ પ્રભાશંકર મહેતા પરિવાર**

એ-૨૦૩, દેના એપાર્ટમેન્ટ, બોરીવલી (પશ્ચિમ) મુંબઈ-૮૨

"સુખદા"

## અનંતના યાત્રીઓ :

- ગં. સ્વ. કૃષ્ણાસુતાબેન જનકરાય વૈશ્નવ-૮૮ વર્ષ- વડોદરા ખાતે અવસાન... રમેશચંદ્ર ગુલાબશંકર હાથી -૭૧ વર્ષ-વડોદરા, અશોકભાઈ નારદલાલ જોષીપુરા-૫૯ વર્ષ- વડોદરા, ગં. સ્વ. પ્રમીલાબેન નારદલાલ જોષીપુરા-૮૫ વર્ષ- વડોદરા, શ્રી રૂદ્રકાન્ત ધૈર્યશંકર દેસાઈ - ૭૬ વર્ષ- વડોદરા, ગં. સ્વ. હરસુતાબેન પુંડરીકરાય બુચ-૮૭ વર્ષ- વડોદરા, કૌશીકરાય ભગવાનલાલ બુચ-૮૬ વર્ષ-વડોદરા, શિરીષભાઈ રતિલાલ દેસાઈ-૮૪ વર્ષ- વડોદરા, માંગરોળના રાજકોટ સ્થિત મૃગેન્દ્રભાઈ ઉપેન્દ્રરાય દેસાઈ - ૭૧ વર્ષ- રાજકોટ, શ્રીમતી સુધાબેન પંકજકુમાર મારૂ-વડોદરા, કાલિન્દીબેન ભુલાભાઈ ખારોડ- ૭૨ વર્ષ -જૂનાગઢ,વિરેન્દ્રભાઈ ભાસ્કરરાય અંજારીયા-૭૦ વર્ષ-મુંબઈ, હંસાબેન જન્મશંકર વૈશ્નવ-૮૩ વર્ષ- અમદાવાદ, નિહારીકાબેન સૌરભભાઈ ઓઝા-૬૩ વર્ષ- ભાવનગર. મીઠાપુરના શિક્ષિકા સુધાબેન પંકજકુમાર મારૂ - ૬૨ વર્ષ-વડોદરા ચક્ષુદાન કર્યું. ગં. સ્વ. ભદ્રાબેન વિનોદરાય અંજારીયા-૬૮ વર્ષ-અંજાર.ખ્યાતિબેન કિરીટકુમાર પોટા-૫૭ વર્ષ-અંજાર. તરૂણભાઈ મહેન્દ્રરાય વસાવડા-૭૪ વર્ષ-રાજકોટ. - વિરેન્દ્રભાઈ છોટાલાલ ધોળકિયા-જામનગર, ગં. સ્વ. અનીલાબેન કે. ધોળકિયા- જામનગર.-ચંદ્રલતાબેન (દીનુબેન)જગદીશચંદ્ર વછરાજાની - ૮૪ વર્ષ- વડોદરા. શ્રીમતી માધવીબેન નરેન્દ્રરાય વસાવડા-૬૬ વર્ષ- વડોદરા.

✷ ચારેબાજુ અતિવૃષ્ટિસમા વરસાદી માહોલ અને સૌરાષ્ટ્રમાં પણ તેવાજ વાતાવરણ વચ્ચે પરંપરાગત બોળ ચોથ, નાગપાંચમ, રાંધણછઠ, સાતમ, જન્માષ્ટમીના ઉત્સવ-તહેવારોની મોસમ પૂરી થઈ. આઠ દિવસ મેળાઓ, ખાણીપીણીના ઉત્સવની મોસમ...ત્યાં ગણેશોત્સવ શરૂ થયો. ભૂતકાળમાં એક બે સાચાં સ્થાપનોની જગ્યાએ રાજકીય પક્ષોના દરેકની જેમ ધર્મના ઓઠાં હેઠળ સૌને 'ખંખેરવા' સેંકડો ગણેશજીના સ્થાપન થવા લાગ્યાં. કોઈપણ તહેવારોમાં રોશની,માઇક અને સભા સરઘસ,બેન્ડ-નગારા અનિવાર્ય !! અને પછી આપણે જ જાહેરાત સાંભળવાની...ઊર્જા બચાવો, પેટ્રોલ બચાવો, પર્યાવરણ બચાવો, પ્રદૂષણ અટકાવો.......(વીજ-પેટ્રોલ,અન્ય ખાનગી કંપનીના લાભમાં ! ) જનહીતમાં જારી !! જો કે ચારે બાજુ કૃષ્ણ કનૈયા, ગણેશજીના આગમન-સ્થાપનથી આરતી, ભજનો, દર્શનથી આટલા સમય દરમ્યાન તો સાત્વિક વાતાવરણ અને વિચારો તો રહેશેને ?... ચૂંટણીઓ-'કોમનવેલ્થ' આવે છે ત્યારે 'મેરા ભારત મહાન'ના પોકારોમાં સામેલ થઈ જ્ઞાતિની પ્રગતિ-ગતિ-વિધિના **સમાચારો** વાંચો...

✷ **ભાવનગર :** અત્રેની જ્ઞાતિની વાડી ભાડેથી કન્યાના લગ્ન પ્રસંગે છ માસ પહેલાં અન્ય શુભ પ્રસંગ માટે ત્રણ માસ પહેલાં કન્ફર્મ બુકીંગથી આપવામાં આવે છે.જેનો લાભ લેવા ઈચ્છુકોએ શ્રી દધિચી મહેતા-મો. ૯૪૨૭૪૯૬૦૨૮ અથવા શ્રી ધર્મેન્દ્ર ડી. મહેતા-મો. ૯૪૨૬૧૬૧૭૭૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

✷ શાળા કક્ષાની નિબંધ સ્પર્ધામાં અત્રેના પ્રતિક જયેશભાઈ અંતાણી (ધો. ૧૨)એ 'રકતદાન મહાદાન' વિષય ઉપર માહિતીપ્રદ નિબંધ લેખન દ્વારા ૮૧થી વધુ સ્પર્ધકોમાં રૂા. ૧૫૦નો રોકડ પુરસ્કાર અને બ્લડબેંકના સૌજન્યથી સર્ટીફીકેટ મેળવ્યાં.

✷ અત્રેના મહિલા મંડળ આયોજીત મકાઇ વાનગી સ્પર્ધામાં શ્રીમતી સ્નેહલ પાર્થિવ મહેતાએ મકાઈના કોન બનાવી પ્રથમ ઇનામ મેળવ્યું.

✷ કુ. નૈસર્ગી પાર્થિવ મહેતા બી.ઇ. (આઇટી)માં ચોથા સેમે.માં ૮.૪૨ માર્કસ સાથે ઉત્તીર્ણ થઈ બીવીએમ કોલેજ વિદ્યાનગરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

✷ અત્રેની ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ માટે 'વાંચે ગુજરાત' અંતર્ગત યોજાયેલ વકૃત્વ સ્પર્ધામાં કુ. ધરા જ્યોતિલભાઈ વૈશ્નવે 'ઇમ્પેકટ ઓફ મોબાઇલ ઓન સોસાયટી' વિષય ઉપર વકતવ્ય આપી દ્વિતીય સ્થાન મેળવ્યું.

✷ અત્રે રેલ્વેમાં અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી રાજેનભાઈ આચાર્યના પુત્ર રીધમ આચાર્ય ICWA માં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયા.

✷ **જામખંભાળીયા :** જીજ્ઞાશુ કિરીટકુમાર માંકડ અત્રેની સી.એમ.એસ.કું.માં ટ્રેઇની સર્વિસ આસીસ્ટન્ટ તરીકે જોડાયા તેમજ જલ્પેશ કિરીટકુમાર માંકડ જામજોધપુર પાસે સીદસર ખાતેના વિજાપુર વિદ્યાસંકૂલમાં સંગીત શિક્ષક તરીકે જોડાયા.

✷ અત્રે ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં કાજલ જગદીપ ઢેબરે ગોકાણી હાયર સેકેન્ડરી સ્કૂલ દ્વારા રજૂ કરેલ નાટયકૃતિમાં ભાગ લઈ રાજ્ય કૃષિ મંત્રીશ્રીના હસ્તે 'બેસ્ટ પરફોર્મન્સ' પારિતોષીક મેળવ્યું.

✷ **જામનગર :** તા. ૭/૭ થી ૧૧/૭ સુધી શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઇડ ટ્રસ્ટના ઉપક્રમે ૫૦ વર્ષથી ઉપરની વયના સભ્યો માટે જાણીતા ફિઝીશયન ડો. કેયૂરભાઈ બક્ષીની આગેવાની હેઠળ કિલીનીકલ મેડીકલ ચેકઅપ યોજાય ગયો. જેમાં ૧૦૬ દાતા - સભ્યોએ પોતાના સ્વાસ્થ્યની તપાસ કરાવી નિદાન માર્ગદર્શન મેળવેલ.

✷ શ્રીમતી વિશાખા પી. બુચને મહિલા બેંક તરફથી ઉત્તમ કામગીરી બજાવવા બદલ ચેરમેન તરફથી રોકડ ઇનામ તથા પ્રમાણપત્ર એનાયત થયાં.

✷ મહિલા બેંકની વાર્ષિક સાધારણ સભામાં બેસ્ટ જનરલ મેનેજર તરીકે શ્રી મનોજ નાણાવટીની પસંદગી કરાતાં પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર એનાયત થયાં.

✷ શ્રી હાટકેશ મહાદેવ સમિતિ તથા જામનગર વડનગરા નાગર જ્ઞાતિની કારોબારીની ચૂંટણી યોજાય ગઈ. જ્ઞાતિજનોએ સારી જાગૃતિ બતાવી. બીનહરીફ પ્રમુખ તરીકે શ્રી સુરેશભાઈ નાણાવટી તથા ઉપપ્રમુખ તરીકે શ્રી વિભાકર એસ. માંકડ તથા નવ કારોબારી સભ્યો ચૂંટાઇ આવ્યા.

✷ હાટકેશ્વર હોલ ખાતે યોજાયેલ શ્રી મહિલા મંડળની મીટીંગમાં લગ્નગીતો, ફટાણા, કપલ ફોટોગ્રાફી, બેસ્ટ ડ્રેસીંગ જેવી સ્પર્ધાઓનું આયોજન થયેલ. કાર્યક્રમનું સંચાલન સોનલબેન નાણાવટીએ કરેલ. બહોળી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લઇ અલ્પાહાર બાદ સૌ છૂટાં પડેલ.

✷ **ભાણવડ :** આ પંથકના મહિલા હીતના રક્ષક એડવોકેટ શ્રી મીનાબેન ટી. નાણાવટી જીલ્લા ભાજપ મંત્રી અને સલાયા સિકકાના પ્રભારી તરીકે નીમાયાં. તેઓએ બહેનો માટેના સીવણ કલાસનું આયોજન કરી ઉદ્‌ઘાટન કર્યું.

✷ શ્રી નાગર મહિલા મંડળની ઓગષ્ટ માસની મીટીંગમાં શ્રાવણ માસ નિમિત્તે મીઠી ફરાળી વાનગી તથા કવીઝ સ્પર્ધા રાખવામાં આવી હતી. કુંજલતાબેન માંકડે વાનગી સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

✷ **જૂનાગઢ :** સુરત ખાતે શિક્ષણ ખાતા તરફથી યોજાયેલ કર્મયોગી તાલિમ શિબીરમાં અત્રેના કોમર્સ શિક્ષક શ્રી કલ્પેશ ડી. જોશીપુરા જૂનાગઢ જીલ્લાના એકાઉન્ટ વિષયના 'રીસોર્સ પર્સન' તરીકે પસંદગી પામી જઈ આવ્યા.તેઓએ જીલ્લાના ૪૫ શિક્ષકોને જૂલાઈ માસમાં એકાઉન્ટ વિષયની પ્રસંશનીય તાલિમ આપી.

✷ અત્રેના ભૂષણ દિપેન્દ્રભાઈ નાણાવટીને ન્યાયાલય-કોર્ટ-માં આસીસ્ટન્ટ (જુનીયર કલાર્ક) તરીકે નિમણુંક મેળવી.

✷ ચાંદાની ગ્રુપ ઓફ એકસપોર્ટ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા દિગંત દેવેન્દ્રકાન્ત અવાશીયા માર્કેટીંગ વિષય સાથે એમ.બી.એ. થયા.

✷ શ્રી વિભાકરભાઈ વસાવડા એસબીઆઇમાં દીર્ઘકાલીન ફરજ બજાવી નિવૃત્ત થયા બાદ કેશવ કો. ઓપ. બેંકના મેનેજીંગ ડીરેકટર તરીકે નિમાયા.

✷ **પોરબંદર :** દધિચી દુર્ગેશ ઓઝાએ વિદ્યાભારતી સંચાલિત સરસ્વતી શીશુ મંદિરની શાળાઓની વૈદિક ગણીતની કવીઝમાં સૌરાષ્ટ્ર વિભાગમાં તૃતીય સ્થાન મેળવી શીલ્ડ અને પ્રમાણપત્ર મેળવ્યાં.

✷ કુ. કોષા ભદ્રેશ ઓઝાએ ધો. ૧૨માં ૮૮% સાથે ઉત્તીર્ણ થઈ કેન્દ્રમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરી કન્યા કેળવણી અંતર્ગત રાજ્યસરકાર તરફથી રૂા. ૫૦૦૦/-નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો.

✷ શ્રાવણ માસ દરમ્યાન હાટકેશ્વર મંદિરમાં જ્ઞાતિજનોએ આરતિ દર્શનનો લાભ લીધો. મીલન પોટા તથા હિમાંશુ પોટાએ નગારા ઉપર સંગત કરી આરતિની રંગત જમાવેલ.

✷ અત્રેના અશ્વનીભાઈ અવંતીલાલ વૈદ્યના પુત્ર ચિરાગના લગ્ન અત્રેના આસુતોષભાઈ એચ. વૈશ્નવનાં પુત્રી ભૂમિ સાથે.

✷ કલ્પનાબેન-સુમિત્રાબેન ઝાલા, શ્રી સુરેન્દ્રભાઈ વૈદ્ય,બટુકભાઈ વૈદ્ય,ભદ્રાબેન દેસાઈ,સપરિવાર

સ્વ. તરલિકાબેન-સ્વ. મહેશભાઈ દેસાઈને શ્રધ્ધાંજલિ અર્થે હરદ્વારની યાત્રા કરી આવ્યાં.

✷ અત્રે કિશોરીબેન છાયાએ લાયોનેસ કલબના પ્રમુખ પદે ૧૨૫ પ્રોજેકટ કર્યા.

✷ **ભુજ :** અત્રેના પ્રા. ડો. ગિરીન બક્ષીના દાદા તે આયુર્વેદ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રાધ્યાપક ડો. અરૂણભાઈ બક્ષીના પિતાશ્રી સ્વ. જનકપ્રસાદ (રામભાઈ) બક્ષીની જન્મ શતાબ્દિ પ્રસંગે શ્રધ્ધાંજલિ અર્પવા તેમના કુટુંબીજનો તરફથી તા. ૧૮/૭ના રોજ શિવાનંદ આશ્રમના અધ્યક્ષ પૂ. અધ્યાત્માનંદજીની ઉપસ્થિતિમાં પંચકુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. તેઓએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પણ કરી વૃક્ષારોપણ કરેલ.

✷ શ્રી નાગર તથા નાગર બ્રાહ્મણ મહિલા મંડળ દ્વારા હાટકેશ કોમ્પલેક્ષ ખાતે તાપી સાતમ, દિવાસો, ત્રીજ, ફુલકાજળી નિમિત્તે ગરબા રાખવામાં આવેલ.

✷ **અંજાર :** શ્રી અવનીશ રામપ્રસાદ વોરાને રાજકોટ ખાતે AXIS બેંકમાં મેનેજર તરીકે બઢતી મળી.

✷ વેદ સંદિપ તરૂણકાંત તથા સ્વર જીગર માંકડને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

✷ **ગાંધીનગર :** મનન નયનકુમાર બુચ રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સીઝ કર્ણાટક માંથી જૂન-૨૦૧૦માં લેવાયેલ બી.ડી.એસ.ની ફાઇનલ પરીક્ષામાં ૬૬% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા.

✷ અત્રેના શ્રી ઉષાકાન્ત ભાલચંદ્ર વસાવડા જીએસઇસીએલ (જીઇબી)ના વિદ્યુત કામદાર સંઘમાં ઉપપ્રમુખ તરીકે નિયુકત થયા.

✷ અત્રેના અર્ણવ ઉષાકાન્ત વસાવડા નોર્થ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.ઇ.(આઇટી)ની પરીક્ષામાં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થઈ અમદાવાદ સ્થિત એજીલીટી સોફટવેર કંપનીમાં 'જાવા ડેવલપર' તરીકે જોડાયા.

✷ ડીપ્લોમા કોમ્પ્યુટરના ત્રીજાં સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલ અત્રેનાં કુ. આસ્થા ઉષાકાન્ત વસાવડા અભ્યાસ સાથે સંગીત વિશારદ (ગાયન)ની તાલીમ મેળવી રહયાં છે. તેણીએ અમદાવાદ ખાતે ઇન્ડીયન ઓઇડોલ સ્પર્ધામાં ફાઇનલ રાઉન્ડ સુધી ઓડીશન આપેલ. રાસબિહારી દેસાઈ, નયન પંચોળી, ઇસ્માઇલ દરબાર જેવા અનેક સંગીતકારો પાસે પોતાનો સ્વર રજૂ કરવાની તક સાંપડી છે. કેસેટ સીડીમાં પણ સ્વર આપેલ છે. ગાંધીનગરના ટાઉનહોલ ખાતે પૂ. નારણભાઈ દેસાઈના સાન્નિધ્યમાં યોજાયેલ ૭૫મી ગાંધીકથામાં સળંગ ૫ દિવસ સંગીત પીરસેલ.

✷ **અમદાવાદ :** અત્રેના શ્રી કશ્યપ વિનાયકરાય વછરાજાનીના (સંકલ્પ ૫૦૮, એલ. જે. કોમર્સ કોલેજ સામે, વસ્ત્રાપુર-ફોન : ૨૬૭૩૧૧૩૮) નિવાસસ્થાન ખાતે તા. ૮/૧૦ થી ૧૬/૧૦ સુધી આસો નવરાત્રિ-ઘટ સ્થાપન કરવામાં આવનાર છે.આરતી સવારે ૯:૩૦ અને સાંજે ૭:૩૦ રાત્રે ૯ થી ૧૧ ગરબા, દર્શનનો લાભ લેવા આમંત્રણ છે.

✷ તા. ૨૩/૭નો દિવસ 'રેડીયોમિર્ચી'નો ગ્રાન્ડમધર ડે હતો. જે નિમિત્તે દાદી કોન્ટેસ્ટ યોજવામાં આવતાં હાર્દિક ઉમેશ ઢેબર તરફથી તેમનાં ૯૬ વર્ષનાં દાદીમા મા. સુમનબેન ઢેબરનું નામ નોંધાવતાં તા. ૨૦/૭ના રોજ પ્રથમ હાર્દિકના માતુશ્રી રાગિણી સાથે સુમનબેનની ખાસીયતો,વિશિષ્ટતાઓ જાણી આર.જે. ધ્વનિતે ફોન ઇન્ટરવ્યુ લીધો. દાદીએ 'દાદાનો ડંગોરો'એક શ્વાસે ગાઇ સૌને રોમાંચિત કરી દીધેલ. ૨૩/૧૦ના રોજ કુલ ૧૦ દાદીઓ સાથે વાર્તાલાપ કરી ૧૧ વાગ્યે 'ઓન એર લાઇવ'પ્રસારિત કરવામાં આવેલ. જે પૂર્ણ થયા બાદ બોપલના રીસોર્ટમાં લઇ ગયેલ ત્યાં દરેકની મુલાકાત અનુભવોની ખાટી-મીઠી વાતો 'ઓન એર' થતી રહી. જેમાં મા. સુમનબેને બાળગીત, હાલરડાં રજૂ કરી બે આરજેના

લગ્નની તૈયારી રૂપે લગ્નગીતો પણ ગાઇ બતાવેલ. આમ, ૯૮ વષની વયે સુમનબેને નવી ટેકનોલોજીના અનુભવથી રોમાંચ અનુભવ્યો તો નવી પેઢી માટે પરંપરાગત સંસ્કારસિંચન પણ કર્યું. (મુ. સુમનબેન વડોદરાનાં બરછી પ્રતિનિધિ શ્રીમતી સ્વાતિબેન અરવિંદભાઈ દેસાઇના માતુશ્રી થાય.) સૌના વંદન !

✷ પૂરવ નિરંજનભાઈ ઝાલાને સીએમએસ. કંપનીમાં રીજીયોનલ મેનેજર માંથી ગુજરાતના ચીફ તરીકે બઢતી મળી.

✷ **વડોદરા :** અત્રેના શ્રી જુગલકિશોરભાઈ જે. દેસાઈ અને શ્રીમતી રેખાબેન દેસાઈનાં પુત્રી કુ. ઊર્જા દેસાઈ B.E. (Elect.) MBA, IDBI બેંક અમદાવાદ ખાતે આસી. મેનેજર તરીકે જોડાયાં.

✷ શિરીષભાઈ-વર્ષાબેન-ધર્માંગ બુચ,શરદભાઈ-શ્રુતિબેન વસાવડા અમરનાથ, શ્રીનગર, વૈશ્નવીદેવીના પ્રવાસે જઈ આવ્યા.

✷ શ્રીમતી મેઘા ભાષિત ઢેબર વોડાફોન કંપની તરફથી અમદાવાદથી લંડન તાલિમાર્થે જઈ આવ્યાં.

✷ અત્રેના ચંદ્રભૂષણ-ભવિનાબેન દેસાઈના પુત્ર તુષિત દેસાઈ સિવિલ ડીપ્લોમાના અંતિમ વર્ષમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ કેમ્પસમાં પસંદગી પામી એલ એન્ડ ટી નોલેજ સીટીમાં જુનિયર એન્જીનીયર તરીકે જોડાયા. સંગીતમાં રસ ધરાવતા તુષિત ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ સંગીત વિશારદની પરીક્ષામાં પણ પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયા.

✷ એસએનડીટી યુનિવર્સિટી દ્વારા બહુચરાજી ખાતે યોજાયેલ યુથ ફેસ્ટીવલ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં કુ. મુગ્ધા ઋષિકેશ દેસાઈએ ડીબેટમાં પ્રથમ અને વકૃત્વ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શીલ્ડ તથા સર્ટીફીકેટ મેળવ્યાં.

✷ વેરાવળના શ્રી જાગૃત દિનેશ વૈદ્ય ઓનીડા કંપનીમાં આસી. સેલ્સ મેનેજર તરીકે જોડાયા.

✷ વડોદરા સ્થિત મુકેશભાઈ હર્ષદરાય કીકાણીનાં પુત્રી નેહાનાં લગ્ન મુંબઈ સ્થિત સોમેશ પુષ્કરભાઈ વૈદ્ય સાથે.

✷ **રાજકોટ :** અત્રેના શ્રી હિમાંશુભાઈ જમીયતરાય રાણા રાજ્યના માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી સાથે વેરાવળ બદલાયા.

✷ અત્રે સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત કુ. ભાષા પૂર્ણેન્દુ દેસાઇ(ઉ. વ. ૧૨)એ કથ્થક નૃત્યમાં ભાગ લઈ રૂા. ૨૨૫૧/-નું રોકડ પારિતોષીક મેળવ્યું.

✷ અત્રેના જાણીતા ડો. બિમલભાઈ એન. બુચના પુત્ર નિનાદ ઇસી એન્જીનીયરીંગમાં બી.ઇ.ની ડીગ્રી પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયા.

✷ ભારત વિકાસ પરિષદ ગુજરાત શાખા તરફથી લેવાયેલ સામાન્ય જ્ઞાન કસોટીમાં ભાગ લઈ ચિ. હેતાંગી મેહૂલ વૈશ્નવ સમગ્ર રાજકોટમાં પ્રથમ સ્થાન મેળવી પ્રશસ્તિપત્ર મેળવ્યું.

✷ લાયન્સ કલબ મેઇન ઝોન ચેરપર્સનની ગવર્નર્સ સેમિનારમાં લાયોનેસ કલબના સેક્રેટરી કુ. કોમલ મનહરભાઈ વૈશ્નવને 'બેસ્ટ પર્સનાલીટી ઓફ વુમન' માટેનું પ્રથમ પારિતોષીક એનાયત થયું.

✷ ચિ. વેનીશા ભાવેશ દેસાઈ (ઉ.વ.૩) પલ્લવ હોસ્પિટલના સૌજન્યથી યોજાયેલ હેલ્ધી બેબી તથા બ્યુટીફૂલ હેર કોમ્પીટીશનમાં પ્રથમ વિજેતા થયાં.

✷ કુ. ખુશીરા નિલય દેસાઈએ 'કલાનિધિ કથ્થક અકેડેમી' તરફથી પસંદગી પામી અત્રે યોજાયેલ 'સ્વર્ણિમ ગુજરાત'ના સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં 'ધન્ય ધરા સૌરાષ્ટ્રની' નામક નૃત્યનાટીકામાં ભાગ લઈ રૂા. ૨૨૫૦/-નો રોકડ પુરસ્કાર તથા સર્ટીફીકેટ મેળવ્યાં.

✷ અત્રેનાં કુ. ડો. સલૌની નિશેન્દુ વૈદ્ય એચ. જે. દોશી હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે જોડાયાં.

✷ હાટકેશ વ્યાયામ સંઘના શ્રી પિનાકીન વોરાના પુત્ર ગૌરાંગ GCPTC માંથી બઢતી સાથે હજીરા – સુરત ખાતે અદાણી પોર્ટમાં એકઝીક્યુટીવ તરીકે જોડાયા.

✷ વિવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સેવાકીય પ્રવૃત્તિઓ કરવાના ઉદ્દેશ સાથે 'સંસ્કૃતિ'ના નેજાં હેઠળ 'નાગર નરસૈયા યુથ કલબ'ની રચના કરવામાં આવનાર છે.રસ ધરાવતા બંધુઓએ શ્રીમતી દર્પણાબેન અંજારીયા ૨૫૬૨૪૧૨ અથવા શ્રી ચૈતન્યભાઈ અંજારીયા મો. ૯૭૧૪૦૮૮૬૬૬ (સાંજે ૫થી૧૦) દરમ્યાન સંપર્ક કરવો.

✷ અત્રેના શ્રી શિરીષભાઈ માંકડનાં પુત્રી કુ. હિરણા ટીસીએસ કંપની બેંગલોરથી બદલાઇને ગાંધીનગર ખાતે સીસ્ટમ એન્જીનીયર તરીકે જોડાયાં.

## શ્રી હાટકેશ મિત્ર મંડળ – ભાવનગર

સંસ્થાના ઉપક્રમે તા. ૭/૮/૧૦ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતીઓને સન્માનવાનો તથા પ્રતિ વર્ષ મુજબ ધો. ૧૦ થી કોલેજ કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક ઈનામ વિતરણનો કાર્યક્રમ જ્ઞાતિના વડીલ હેતસ્વિનીબેન મહેતાના પ્રમુખ સ્થાને તથા શ્રી તૃપેનભાઈ દેસાઈ (પ્રમુખશ્રી ભાવનગર મિત્ર મંડળ મુંબઈ) અને શ્રી વિવિત્સુભાઈ વોરા (પ્રમુખશ્રી હાટકેશ મિત્ર મંડળ વડોદરા),શ્રી પ્રતિકભાઈ મહેતા (પ્રમુખશ્રી ભાવનગર મિત્ર મંડળ અમદાવાદ)ના અતિથિવિશેષ પદે યોજાય ગયો.

લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતીઓમાં ભાવનગર, અમદાવાદ, વડોદરા, રાજકોટ, વલ્લભવિદ્યાનગર, મુંબઈના કુલ ૨૧ દંપતી વડીલો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં હાટકેશ મિત્ર મંડળના પ્રમુખશ્રી શૌનકભાઈ મહેતાએ શાબ્દિક પ્રવચન દ્વારા સૌનું સ્વાગત કરેલ.તેઓ તથા હોદેદારોની જહેમતથી કાર્યક્રમ સફળ બની રહેલ.

## – સગપણ-સગાઈ ------------------------------------------

✷અમદાવાદ સ્થિત ઈશાન શૈલેષભાઈ ઓઝાનું સગપણ મુંબઈ સ્થિત અદિતી સંદિપભાઈ પૂરોહીત સાથે.

✷વડોદરાના શ્રી ગિરીશચંદ્ર ભૂપતલાલ દેસાઈના પુત્ર ચિંતનનું સગપણ રાજકોટના ઉજજૈન સ્થિત યોગેશ ડી. ધોળકિયાનાં પુત્રી દેહૂતિ સાથે.

✷જૂનાગઢનાં જેલમ આશુતોષ બુચનું સગપણ ભાવનગરના જપન હરીશભાઈ મહેતા સાથે.

✷રાજકોટ સ્થિત માર્ગી કશ્યપ વૈશ્નવનું સગપણ અમદાવાદ સ્થિત મંથન અશોકભાઈ દેસાઈ સાથે.

✷રાજકોટ સ્થિત વિસ્મય કિરીટભાઈ ઓઝાનું સગપણ રાજકોટ સ્થિત કિર્તી લખેશભાઈ પંડયા સાથે.

✷રાજકોટ સ્થિત હાર્દિક ચંદ્રકાન્ત વૈદ્યનું સગપણ રાજકોટનાં ડીમ્પલ જગદીશભાઈ ઓઝા સાથે.

✷ વડોદરા સ્થિત ભાવિક પરેશભાઈ માંકડનું સગપણ રાજકોટ સ્થિત ખુશાલી જીતેન્દ્રભાઈ કિકાણી સાથે.

✷ ભુજના નંદિશ બીમલ આચાર્યનું સગપણ ભુજનાં ધારા સંજયભાઈ હાથી સાથે.

– સમાચારોનો પ્રવાહ ઘટયો ન હોવાથી ખાસતો સંકલન-એડીટીંગ- કરવા જેવા લાંબા સમાચારો આવતા (ઓકટો.-નવે.ના સંયુકત) અંકમાં સમાવાશે. પ્રતિનિધિઓ/જ્ઞાતિજનો પત્ર લખવાની જહેમત ઉઠાવતા હોવાથી ટપાલ-કુરિઅરથી મળેલા સમાચારોને પ્રથમ અને ઇ-મેઇલના સમાચારોને છેલ્લું સ્થાન આપવામાં આવે છે.આ વખતે તો બરછી પ્રકાશનના સમયગાળા દરમ્યાન ટેક. ક્ષતિને કારણે 'ઈન્ટરનેટ' બંધ જ રહેલ.

# ----- લગ્ન વિષયક જાહેરાત -----

(ક્રમ અભ્યાસ જ.તા./ઉંમર ઉંચાઈ/વજન-કેજી નોકરી/વ્યવસાય મંગળ/ગોત્ર

આ ક્રમમાં નીચેની માહિતી વાંચી સવારે ૧૦ થી ૧૧ દરમ્યાન રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી યુવક/કન્યાની જાહેરાતના ક્રમનંબર જણાવતાં તેમના ફોનનંબર આપવામાં આવે છે.આ માહિતી કોમ્પ્યુટર સાચવે છે તેથી અને આ સમય દરમ્યાન સતત ફોન આવતા હોવાથી એન્ગેજ આવે તો થોડીવાર પછી કરશો પરંતુ મોબાઇલ કરશો નહીં. -તંત્રી)

**યુવકો :**

૧. બી.કોમ, આઇટીનો અભ્યાસ ચાલુ , જ. ૬/૧૯૮૩ ઉંચાઈ/વજન- ૫'.૭''/૬૫, સેમી ગવ. કંપનીમાં એકા. ઓફીસર મંગળ/પાણ્યાનસ સંપર્ક : ૦૨૭૮-

૨. બી.કોમ,એમબીએ (ચાલુ) જ. ૧૦/૧૯૮૦ ઉંચાઈ/ ૫'.૬'' કસ્ટમર ડેવ.ઓફીસર કોલગેટ કાું. કાપિલષ્ટ ૦૨૨-

૩. બી. ટેક.((ડેરી ટેક.)PG in HRM જ.૬/૧૯૮૪ઉંચાઈ/વજન ૫'.૭''/૭૦,વડોદરા ખાતે મલ્ટી. નેશનલ કાું.(મંગળ છે)કાપિલષ્ટ સંપર્ક : ૦૨૬૫-

૪. બી.ઇ. (મીકે.) જ. ૨/૧૯૮૫ ઉંચાઈ/વજન ૬'/૭૨ રીલાયન્સ ઇન્ડ. ખાવડી (મંગળ છે) ગાંગ્યાનસ સંપર્ક : ૦૭૯-મો.

૫. બી.કોમ.,એલએલબી, જ. ૬/૧૯૭૩ ઉંચાઈ/વજન, ૫'.૫''/૬૫ એડવોકેટ-પ્રા. પ્રેકટીસ(મંગળ) સંપર્ક : ૦૨૮૮-

૬. એમ.કોમ. જ.૧૧/૧૯૭૯ ઉંચાઈ/ ૬'.૩'' પ્રા. લી. કંપનીમાં ફાઇનાન્સીયલ આસી. સંપર્ક : ૦૨૮૧-

૭. એચ.એસ..સી., ટાઇપ/કોમ્પ્યુ. કોર્ષ જ.૧૦/૧૯૬૯ ઉંચાઈ/ ૫'.૧૦'' ટાઈપીંગ કોમ્પ્યુ.નો સ્વતંત્ર વ્યવસાય. ૦૨૮૧-૨૪૪૮૪૬૩ જીતેન્દ્રભાઈ પંડયા

**કન્યાઓ :**

૮. ફાઇન આર્ટ (કોમર્સીયલ આર્ટ) જ. ૧૧/૧૯૭૯ ઉંચાઈ/વજન ૫'.૩''/૫૮ ગ્રાફીક ડીઝાઇનર તરીકે કૌન્ડીન્ય સંપર્ક : સંપર્ક : ૦૨૭૮-

૯. એમ.કોમ. જ. ૭/૧૯૮૭ ઉંચાઈ/વજન ૫'.૪''/૭૦ પ્રાઇવેટ કંપનીમાં નોકરી (મંગળ છે)કાપિષ્ટ સંપર્ક : ૦૭૯-

૧૦. એમ.કોમ., આઈસીડબલ્યુએ., જ. ૬/૧૯૮૫, ઉંચાઈ/વજન ૫'.૬'' /૬૫, સેમી ગવ. કંપનીમાં નોકરી ઔક્ષણસ સંપર્ક : ૦૭૯-

૧૧. એમ.કોમ., વેબ ડીઝા. જ.૨/૧૯૮૩, ઉંચાઈ/વજન ૫'.૫''/૫૧, પ્રા. મેડી. કાું.માં આસી. મેનેજર (મંગળ છે) ઔક્ષણસ સંપર્ક : ૦૭૯-

૧૨. એમ.એસસી.,બી.એડ્ જ.૨/૧૯૮૪ ઉંચાઈ/વજન ૫'.૩''/૬૦ સરકારી કેળવણી નિરીક્ષક (મંગળ છે) સંપર્ક : ૦૭૮-

૧૩. એમ.કોમ., ડીસીએસ., ૩૯ વર્ષ, ૫'.૩'' ઉંચાઈની પબ્લીક લી. કંપનીમાં ઉચ્ચ હોદે નોકરી કરતી યુવતીને યોગ્ય યુવક. સંપર્ક : ૦૨૮૧-

# પરિણામો....

**બી.ટેક. (સેમે.-૬)**

ભાર્ગવ દીપકભાઈ માંકડ ૭૭% રાજકોટ

**બી. ફાર્મ (બીજું વર્ષ)**

કુ. ઋચા દિવ્યભૂષણ દેસાઈ ૮૫% વડોદરા

**ટી. વાય. બી.કોમ**

અક્ષિ મુનીન્દ્ર ખારોડ પ્રથમ વર્ગ વડોદરા

**બી.ઇ. (એરો.)**

વ્યોમ ભારત મજમુદાર ડીસ્ટીંગ્શન જૂનાગઢ

**બી.ઇ. (સીઇ)સેમે.૨**

મીત કેયુર ધોળકિયા પ્રથમ વર્ગ જૂનાગઢ

**બી.ઇ. (મીકે.)પ્રથમ વર્ષ**

કૌશલ પરેશ વસાવડા ૭૩% રાજકોટ

**એમ.એસ.સી (આઇટી) પ્રથમ વર્ષ**

કુ. ધારણા રાજેન્દ્ર ઓઝા ૮૧% પોરબંદર

**ડીપ્લોમા એન્જી. (સીઇ) સેમે.-૪**

કુ. માર્ગી અશોકભાઈ વછરાજાની ૮૬% રાજકોટ

**પીજીડીસીએ.(સેમે-૨)**

પ્રિયંકા નિરૂપમભાઈ વૈશ્નવ પ્રથમ વર્ગ જૂનાગઢ

**બી. એડ.**

ધારા હેમાંગ પટ્ટણી -પ્રથમ વર્ગ-ભુજ

લ્યુના આશિષ વૈદ્ય -પ્રથમ વર્ગ-ભુજ

લીપી કોટેશ અંતાણી -પ્રથમ વર્ગ-ભુજ

પ્રવદા ઋષિકેશ વૈદ્ય -પ્રથમ વર્ગ-ભુજ

**એસ.એસ.સી.**

દ્વૈતા જલેન્દુ આચાર્ય ૭૮% જૂનાગઢ

**એચ.એસ.સી.**

મહેક દિનેશ ધોળકિયા ૮૧ % વડોદરા

ધારક રાજેશ ખારોડ ૯૦ % વડોદરા

પ્રણાલી હિરણેશ બક્ષી ૭૫ % વડોદરા

નીતલ કુંજલ વસાવડા પ્રથમ વર્ગ મુંબઈ (સંપૂર્ણ)

## -: ઋણ સ્વીકાર :-

**અ. સૌ. કાલિન્દ્રીબેન ભુલાભાઈ ખારોડ** (ઉ. વ. ૭૩) નું તા. ૯-૯-૨૦૧૦ને ગુરૂવારનાં રોજ થયેલ દુ:ખદ અવસાનથી અમારા પર આવી પડેલ અણધાર્યા દુ:ખમાં સહભાગી બનીને અમોને રૂબરૂ તેમજ ટેલીફોન, એસએમએસ., ઇ-મેઇલ દ્વારા સાંત્વના અને હૂંફ પૂરી પાડનાર તમામ સ્વજનો-પરિવારજનો તેમજ સ્નેહી મિત્રો સર્વેનો ખારોડ પરિવાર હૃદયપૂર્વક આભારી છે.



। ૐ શાંતી : ૐ શાંતી : ૐ શાંતી ।

આપના આભારી...

**વીરમતિબેન દેસાઈ, ભુલાભાઈ ખારોડ, ઈલાબેન ખારોડ, ઉજ્જવલ (મકી) ખારોડ, ચેતના ખારોડ**

## અ. ભા. ના. પરિષદ - રાજકોટ

સંસ્થા તરફથી જે તે દાતાઓ તરફથી નીચે મુજબની શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે.ફોર્મ મેળવી તા.૧૫/૧૦/૧૦ સુધીમાં પરત કરવાના છે. સ્થળ સંકોચને કારણે વિશેષ માહિતી અને ફોર્મ મેળવવા શ્રી જે. ટી. બક્ષીનો સંપર્ક કરવા વિનંતી છે. (સરનામું-નંબર પરિષદના અન્યત્ર છપાયેલ સમાચાર માંથી મળશે)

૧) કોમ્પ્યુ. અભ્યાસ ચાલુ હોય/પૂર્ણ કરેલ વિદ્યાર્થીની (ક. સૌ.માંથી ધો-૧૨ પાસ કરેલ હોવું જરૂરી

૨) ધો-૧૨ બાદ ક. સૌ.માંથી તબીબી ક્ષેત્રે જોડાયેલ વિદ્યાર્થીઓને...

૩) ૨૦૧૦માં સી.એ.ની પરીક્ષા પસાર કરેલ વિદ્યાર્થીનીને...અરજીના અભાવે પૂર્ણ કરેલ વિદ્યાર્થીનીને તે અરજીના અભાવે વિદ્યાર્થીને...અને તેને અભાવે એમ.બી.એ.ના વિદ્યાર્થીને.

૪) ૨૦૧૦માં ગ્રેજ્યુએટ એન્ટા.ઈંગ્લીશ-મેરીટ ઉપર

૫) ૨૦૧૦માં ગ્રેજ્યુ. સંસ્કૃત/ગુજરાતી-મેરીટ ઉપર

૬) ૨૦૧૦માં એન્જી.કોમર્સ ગ્રેજ્યુ.-મેરીટ ઉપર

# SLK TOURS & TRAVELS

**PROFESSIONAL TOUR AND TRAVEL SOLUTIONS AT YOUR BUDGET...**

**- Air Travel/Booking**
**- Rail Reservation-Bus booking**
**- Holiday Tours & Packages**
**- Hotel Booking-Car Rental**

**Contact :**
**H.O. PARLE-MUMBAI**
**Ms. Shweta Vaidya**
**9833874366**
Or Mail @: ***slktravelworld@gmail.com***
***shwet v@gmail.com***

**Branch : SURAT**
**Mrs. Laxita Buch**
**9825022027 / 9374075275 / 9427888843**
Or Mail @: ***prarthitravels@gmail.com***

**Branch : Ahmedabad**
**Mr. Jaydeep Buch**
**9825593262 / 079-26642506**
Or Mail @: ***jambuch@gmail.com***

## UJJAVAL VAISHNAV

A/4 Jagdish Appartment
Military Road (Marol)
Opp. Raj Mills, Andheri (E)
Mumbai - 400 059
**Mobile : 9870073539**



卐 B.Sc., M.B.A.
卐 Jyotish Ratna - Jyotish Bhushan
卐 Signature Correction
卐 Vastu Shastracharya
卐 Numerologist

For Accurate Most guidance and Scientific Remedies...
**e-mail : uv191078@indiatimes.com**
**Join "UV's world" on....**
facebook **Free Tips for you..! !**
Astro-Numero guidence for-Hatkesh Bandhu...-- Rs. 1000/- -- US $ 28

# ABM TRAVELS

**Customised Individual HONEYMOON / FAMILY Holiday package tours - Summer Holidays**

**Singapore - Malaysia (5N/6D) Rs.45750 (ex Mumbai) Singapore-Malaysia-Thailand (9N/10D) Rs.55750 (ex Mumbai) Per Adult/All Inclusive. (Sp. Rates for Bankers)**

And many other International destinations at low Budget. Come on enjoy through **ABM Travels.** Himachal / Uttaranchal / CharDham / Amarnath / Kailas-Mansarovar /Vaishnodevi- Kashmir-Ladakh. Darjeeling-Gangtok/Rajasthan/MP/S. India AndamanOoty-KodaiKanal/ Kerala-Lakshadweep/ Goa Mahableshwar/Matheran/Shirdi-Shinganapur Ashta Vinayak/Panch Jyotirlings.

**Booking of SOTC/RAJ/THOMAS COOK/ COX & KING/STAR TOURS/CLUB 7/KESARI**

**Avinash Mehta, Mumbai 09820817318**
**022-26209168 abmtravels@gmail.com**

**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
**ગોલવાડ, બરોડા બેન્કની બાજુમાં,**
**સિધ્ધપુર. ફોન : ૦૨૭૬૭-૨૨૧૯૩૫**



**KALAM KADCHHI BARCHHI-GRJ-23**
**Registration Valid upto 31-12-2011**
**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,' Sanjog' Harihar Society,
Kalawad Rd. Rajkot - 360 001..

**તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા**
**મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩**